ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમના અધિકારીઓ/કર્મચારીઓ માટે ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ લાગુ કરવા અંગે.......

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક:અવક/૧૫૨૦૧૬/૨૬૫૭૫૪/જ

સચિવાલય, ગાંધીનગર.

તા:-૨૬/૧૨/૨૦૧૬

વંચાણે લીધા:-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા:૨૪/૦૮/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: એમએજી/૧૦૨૦03/૨૭૧૨/અ(પા.ફા.).

(૨) ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો તા:૦૭/૦૧/૨૦૧૬નો પત્ર ક્રમાંક: અવિકો/વહિવટ/૨૦૧૫-૧૭/૬૧ અને તા:૦૧/૦૭/૨૦૧૬નો પત્ર ક્રમાંક: અવિકો/વહટ/૨૦૧૬-૧૭/3003.

આમુખ:

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમમાં તબીબી સારવાર અંગેના નિગમના કોઈ નિયમો નથી. વંચાણે લીધેલ સંદર્ભ - ૧ પરના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા:૨૪/૦૮/૨૦૧૫ના ઠરાવથી ગુજરાત રાજ્યના કર્મચારીઓ/અધિકારીઓ માટે ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫થી આરોગ્ય સેવાઓનો લાભ મળી રહે તે માટેના નિયમો બહાર પાડેલ છે. ઉક્ત નિયમોના નિયમ નંબર- ૧.૨.૧૦ મુજબ “આ નિયમો બોર્ડ/કોર્પોરેશન/નિગમોને લાગુ કરવાની બાબતે તેઓના સંબંધિત વહીવટી વિભાગ મારફત નાણાં વિભાગની મંજુરી મેળવીને તબીબી સારવારના લાભો મેળવી શકશે’ તેમ ઠરાવેલ છે.

ઉક્ત નિયમોનો અમલ ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમના અધિકારીઓ/કર્મચારીઓને માટે પણ કરવામાં આવે તે મુજબની રજુઆત નિગમ દ્વારા વંચાણે લીધેલ સંદર્ભ – ૨ પરની રજુઆતો દ્વારા કરવામાં આવેલ હતી.

ઠરાવ:

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની ઉક્ત રજુઆત પરત્વે પુખ્ત વિચારણાની અંતે હવેથી ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમના અધિકારીઓ/કર્મચારીઓને પણ લાગુ પાડવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૩૦/૧૧/૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(અ-શાખા), આરોગ્ય અને પરિવાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- શાખા પસંદગી ફાઇલ-૨૦૧૬.